આંક :-

-:: નમૂનો - અ ::-

## જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ, મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૦૬/૦૩/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૫૧૧/૨૦૧૯.

ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૬૫, ૩૮૭, ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ફર્સ્ટ - ૧૫૩/૨૦૧૮. |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર :<br>(મુળ ફરિયાદી : દક્ષાબેન ડો/ઓ. મનસુખભાઇ રામજીભાઇ પરમાર) |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા. |
| આરોપી પક્ષ | (૧) જહાંગીર અમીનભાઇ શેખ,<br>ઉ.વ.આ. ૩૪, ધંધો-વેપાર,<br>રહેવાસી : જૂનાગઢ, સુખનાથ ચોક,<br>પીશોરીવાડા,<br><br>(૨) શાહરૂખખાન હુશૈનખાન તુર્ક પઠાણ,<br>ઉ.વ.આ. ૨૫, ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ,<br>રહેવાસી : જૂનાગઢ,<br>જીવનધારા, ફોરસેન્ટ સ્કૂલ પાસે, |
| આરોપી તરફે | વિ.વકીલશ્રી આર. ડી. ઠાકર. |

-:: નમૂનો - બ ::-

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૧૨/૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮/૧૨/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૨/૨૦૧૯ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૬/૦૫/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૮/૦૬/૨૦૧૯ |
| ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

-:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જહાંગીર અમીનભાઇ શેખ, | ૦૮/ ૧૨/ ૨૦૧૮ | ૨૪/ ૦૭/ ૨૦૧૯ | ઇ.પી.કો. કલમ-૩૯૪, ૩૬૫, ૩૮૭, ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુ.પો.અધિ. કલમ-૧૩૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | -- | ૦૭ માસ ૧૧ દિવસ |
| ૨ | શાહરૂખ ખાન હુશૈનખાન તુર્ક પઠાણ, | -”- | ૨૨/ ૦૪/ ૨૦૧૯ | -”- | -”- | -- | ૦૪ માસ ૧૪ દિવસ |

-:: નમૂનો - ક ::-

## : સાહેદોનું લીસ્ટ :

### અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૯ | મનસુખભાઇ રામજીભાઇ પરમાર | નજરે જોનાર સાહેદ |
| ૨ | ૨૧ | પ્રકાશભાઇ મનસુખભાઇ પરમાર | ઇજા પામનાર સાહેદ |
| ૩ | ૩૧ | દક્ષાબેન મનસુખભાઇ પરમાર | ફરિયાદી |
| ૪ | ૩૩ | હર્ષદભાઇ મનસુખભાઇ પરમાર | નજરે જોનાર સાહેદ |
| ૫ | ૩૬ | ભાવનાબેન પ્રતાપભાઇ મકવાણા | સાહેદ |
| ૬ | ૩૭ | વિજયભાઇ જેન્તીભાઇ પરમાર | સાહેદ |
| ૭ | ૩૮ | મમતાબેન વિજયભાઇ પરમાર | સાહેદ |
| ૮ | ૪૪ | રમાબેન જેન્તીભાઇ પરમાર | સાહેદ |
| ૯ | ૪૫ | કરણ જેન્તીભાઇ પરમાર | સાહેદ |
| ૧૦ | ૫૩ | કિરણબેન દિનેશભાઇ પરમાર | સાહેદ |
| ૧૧ | ૬૦ | રમેશભાઇ કનુભાઇ રાઠવા | તપાસનીશ અધિકારી |
| ૧૨ | ૭૧ | ભાનુ મથુરભાઇ વાઘમશી | તપાસનીશ અધિકારી |

## : દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

### અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૨ | ફરિયાદની ખરીનકલ. |
| ૨ | ૪૬ | ડીસ્કવરી પંચનામાની ખરીનકલ. |
| ૩ | ૪૭ | રીકવરી પંચનામાની ખરીનકલ. |
| ૪ | ૪૮ | સ્થાનિક જગ્યાના પંચનામાની ખરીનકલ. |
| ૫ | ૪૯ | આરોપીઓના અટક અને મુદામાલ કબજે કર્યાના પંચાનમાની ખરીનકલ. |
| ૬ | ૬૧ | તપાસ હુકમ. |

| | | |
|---|---|---|
| ૭ | ૬૨ | સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| ૮ | ૬૩ | આરોપીઓની અટક અને મુદામાલ કબજે કર્યાનું પંચનામું. |
| ૯ | ૬૪ | ડીસ્કવરી પંચનામું. |
| ૧૦ | ૬૫ | રીકવરી પંચનામું. |
| ૧૧ | ૬૬ | પ્રેસ કટીંગ રીપોર્ટ મોકલ્યા બાબતના પત્રની સ્થળપ્રત. |
| ૧૨ | ૬૭ | ફેકસ મેસેજ. |
| ૧૩ | ૬૮ | તપાસનીશ અધિકારીનું સોગંદનામું. |

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

બ. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

ક. ભૌતિક પદાર્થ :

| ક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧ | છરી |
| ૨ | ૧ | હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ |
| ૩ | ૧ | હયુવેલ કંપનીનો મોબાઇલ ફોન |
| ૪ | ૧ | સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન |
| ૫ | ૧ | લોખંડનો પાઇપ |
| ૬ | ૧ | લાવા કંપનીનો મોબાઇલ ફોન |
| ૭ | ૧ | બજાજ કંપનીની મોટર સાયકલ |
| ૮ | ૧ | રોકડ રકમ રૂા.૨,૦૦૦/- |

## -:: ચૂ કા દો ::-

<u>ફરિયાદ પક્ષનો કેસ :-</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી જૂનાગઢ મુકામે ખામધ્રોળ રોડ જીવનધારા સોસાયટીમાં રહે છે. તા.૦૮/૧૨/૨૦૧૮ ના રાત્રીના ફરિયાદી તથા ફરિયાદીના બાપુજી મનસુખભાઇ તથા ભાઇઓ હર્ષદ તથા પ્રકાશ ઘરે હાજર હતા દરમિયાન સાડા ત્રણ વાગ્યાના અરસામાં ફરિયાદીના ઘરનો દરવાજો કોઇએ આવી ખખડાવતા ફરિયાદી તથા ઘરના સભ્યો જાગી ગયેલ અને ફરિયાદીના ભાઇ પ્રકાશે ઉઠીને જોતા બહાર આ કામના આરોપીઓ જહાંગીર તથા શાહરૂખ બંને ફરિયાદીની ડેલીમાં ઘુસી ગયેલા હતા. આરોપી જહાંગીરના હાથમાં છરી હતી તે બતાવીને ફરિયાદીને બળજબરીથી પકડી લીધેલ અને કહેવા લાગેલ કે, તું મને બહુ ગમે છે અને મારે તારી સાથે લગ્ન કરવા છે. તેમજ પૂછેલ કે વિજય કયા છે ? ફરિયાદીએ તેના કાકાના દિકરા વિજયની ખબર નથી તેમ કહેતા આરોપીઓ ફરિયાદીના ઘરની ચીજવસ્તુઓ તોડફોડ કરવા લાગેલ. દરમિયાન ફરિયાદીના બાપુજી, ભાઇ હર્ષદ પણ જાગી ગયેલ અને તે આવતા આરોપીઓ ફરિયાદીના નાના ભાઇ પ્રકાશને છરી બતાવીને ઘરની બહાર ઢસડી ગયેલ અને તેના મોટર સાયકલમાં બેસાડીને બળજબરીપૂર્વક સાથે લઇ ગયેલ. બાદ ફરિયાદીએ કુટુંબના બીજા સભ્યોને ફોન ધ્વારા બનાવની જાણ કરતા ભાવનાબેન તથા પ્રતાપભાઇ તથા મમતાબેન તથા વિજયભાઇ તથા જેન્તીભાઇ તથા રમાબેન તથા કરણભાઇ તથા કિરણબેન વિગેરે આવી ગયેલ અને શું કરવું તે બાબતની ચર્ચા કરતા હતા ત્યારે આશરે બે-ત્રણ કલાક બાદ સાડા પાંચેક વાગ્યે આરોપીઓ પાછા ફરિયાદીના ભાઇ પ્રકાશને લઇને ઘરે આવેલા અને આરોપી જહાંગીરના હાથમાં છરી હતી તે બતાવીને કહેતો હતો કે જો તમારે આ મકાનમાં રહેવું હોય તો મને પૈસા આપવા પડશે નહીંતર આજે આ તારા ભાઇને ઉપાડીને લઇ ગયો હતો તેમ તને પણ લઇ જઇશ અને તારા ભાઇને તેમજ તારા બીજા ઘરના સભ્યોને પતાવી દઇશ, આમ ધમકી આપીને

ફરિયાદીના ભાઇ પ્રકાશને મુકીને જતો રહેલ. બાદ ફરિયાદીના ભાઇ પ્રકાશે વાત કરેલ કે, આ જહાંગીર તથા શાહરૂખ તેન ઉપાડીને બાજુની શેરીમાં કોઇ ભયાનું મકાન કબજો કરેલ છે ત્યાં લઇ જઇ છરી બતાવી પાઇપ વડે પોતાને માર મારેલ છે અને તેના ખીસ્સામાં રહેલ બે હજાર રૂપિયા પણ લૂંટી ગયેલ છે અને પોતાને છરી બતાવી શરીરે પાઇપ વડે માર મારેલ છે. અગાઉ પણ ફરિયાદીના દિકરા કરણભાઇ પાસેથી ત્રણ હજાર રૂપિયાની લૂંટ કરી તથા બજાજ કંપનીની વિક્રાંત બાઇક લઇ ગયેલ, જે બાબતે કોઇ ફરિયાદ કરેલ ન હતી.

(૨) સદરહુ ગુનાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન સમક્ષ જાહેર કરતા, જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૬૫, ૩૮૭, ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક-૧૪ થી મારા પુરોગામી વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ તહોમતનામું ફરમાવી આંક-૧૫ અને આંક-૧૬ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા, આરોપીઓ સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૪) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના ‘ક’ (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૫) <u>ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-</u>

આ કામે પુરાવાના અંતે આરોપીઓના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી, બચાવમાં સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઇન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ છે, તેઓએ આવો કોઇ પ્રકારનો ગુનો કરેલ નથી.

<u>દલીલો :-</u>

(૬) સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા અને આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આર. ડી. ઠાકરની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

<u>-:: મુદાઓ ::-</u>

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮/૧૨/૨૦૧૮ ના રોજ કલાક ૦૩:૩૦ વાગ્યાના અરસામાં જૂનાગઢ ખામધ્રોળ રોડ આ કામના ફરિયાદીના ઘરે જઇ ફરિયાદીનો બળજબરીથી હાથ પકડી, છરી બતાવી, તું બહુ ગમે છે તેમ કહી લગ્ન કરવાનું કહી તથા ફરિયાદીના ઘરની ચીજવસ્તુઓ તોડી, છરી બતાવી ફરિયાદીના નાના ભાઇ પ્રકાશને ઘરમાંથી ઢસડી લઇ જઇ, મોટર સાયકલ ઉપર બેસાડી બળજબરીથી લઇ જઇ, |

| | |
|---|---|
| | ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સ્થળે અને કલાક ૫:૩૦ વાગ્યે આરોપીઓએ ફરિયાદીને ઘરમાં રહેવા દેવા માટે પૈસાની માંગણી કરી તથા ફરિયાદી અને તેના ઘરના સભ્યોને મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૭, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૩ | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સ્થળે અને કલાક ૩:૩૦ થી ૫:૩૦ વાગ્યાના અરસામાં આરોપીઓએ ફરિયાદીના ભાઇ પ્રકાશને શરીરે લોખંડની પાઇપ મારી, છતી બતાવી તેની પાસેથી રૂા.૨,૦૦૦/- ની લૂંટ કરી તેમજ હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૨૩ સાથે વાંચતા કલમ-૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૪ | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં.
૨. નકારમાં.
૩. નકારમાં.
૨. આખરી હુકમ મુજબ.

<u>-:: કા ર ણો ::-</u>

<u>મુદા નં.(૧) :-</u>

(૯) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી દક્ષાબેન મનસુખભાઇ પરમારને આંક-૩૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

તેઓ આરોપીઓને ઓળખે છે. એક વર્ષ પહેલા દિવાળી પછીના સમયે જૂનાગઢ મુકામે તેણીના ઘરે હતી ત્યારે તેણીના ઘરે તેણી ઉપરાંત તેણીના પપ્પા તથા બે ભાઇઓ પ્રકાશ તથા હર્ષદ હાજર હતા ત્યારે રાત્રીના ત્રણેક વાગ્યાની આસપાસ આરોપીઓ ઘરમાં આવી ગયેલા, તે વખતે તેણી ઘરમાં સુતેલી હતી. કલાક ૩:૨૦ વાગ્યે તેણીના ભાઇ પ્રકાશે તેણીના રૂમનો દરવાજો ખખડાવેલો જેથી તેણી ઉઠીને બહાર આવેલી તો બંને આરોપીઓ તેણીના ઘરમાં સોફા ઉપર બેઠા હતા અને તેણીનો ભાઇ પ્રકાશ દરવાજા પાસે ઉભો હતો અને હર્ષદ સોફા ઉપર બેઠો હતો, તેણીના પપ્પા અગાશીએ સુતા હતા. આરોપીઓને તેણીના કાકા જેન્તીભાઇ સાથે અગાઉની તકરાર ચાલુ હતી. આરોપીઓ તેઓને પૂછતા હતા કે, તમારા કાકા કયાં રહેવા જતા રહેલા છે, તમે સાથે આવીને તેનું ઘર બતાવો, તેમ કહી આરોપીઓ તેણીના ભાઇ પ્રકાશને ઘરાર તેની બાઇક ઉપર બેસાડીને પોતાની સાથે લઇ ગયેલા. આરોપીઓ તેણીના ઘરની પાછળની બાજુએ રહે છે ત્યાં તેણીના ભાઇને લઇ ગેલા. તેણીનો ભાઇ પ્રકાશનો મોબાઇલ સોફા ઉપર પડી રહેલ તેમાં જહાંગીરે ફોન કરેલો અને તેમાં જણાવેલ કે, તમે મારા ઘર બાજુ આવો અને પ્રકાશને છોડાવી જાઓ. આરોપીઓ પોતાના ઘરે ગયા ત્યાં તેણીના કાકાનું ઘર આવતું હોય તેના બારીના કાચ પણ તોડી નાખેલા અને શેરીના બધાના ઘરમાં પાઇપ મારતા હતા અને બધાના ઘરમાં ઘુસી જતા હતા જેથી તેઓ હર્ષદ ડ્રાઇવીંગનું કામ કરે છે તેના વાહનમાં સાબલપુર પોલીસ ચોકીએ ગયેલા અને ફરિયાદ લખાવેલી. પોલીસ તેઓના ઘરે આવેલી તે પહેલા તેઓ ઘરે પહોંચેલા ત્યારે જહાંગીર તેણીના ભાઇ પ્રકાશને લઇને તેઓના ઘર આગળ ઉભેલ હતા અને માથાકુટ કરતા હતા. તે વખતે જહાંગીર પાસે છરી હતીતેનાથી એક વખત તેણીના પપ્પા ઉપર અને એક વખત તેણી ઉપર હુમલો કરેલો. ફરિયાદ આંક-૩ર થી રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૧૦) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ મનસુખભાઇ રામજીભાઇ પરમારને આંક-૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી તેમની દિકરી થાય છે. તેઓ જૂનાગઢ મુકામે ખામધ્રોળ રોડ ઉપર

પ્રેરણાધામ સોસાયટી-૧ માં રહેતા હતા. ડીસેમ્બર મહિનામાં તેઓ ઘરે હાજર હતા. તે દિવસે તેઓ તેમાન ઘરે ઉપરના માળે સુતા હતા જયારે બંને દિકરાઓ નીચેના આગળના રૂમમાં તથા દિકરી નીચેના પાછળના રૂમમાં સુતા હતા. તેઓના મકાનને લોખંડની ડેલી છે, જે ખાલી દીધેલી હતી, તાળું મારેલ ન હતું કે અંદરથી બંધ કરેલ ન હતી. રાતના ત્રણ સાડા ત્રણ વાગ્યે આ કામના આરોપી જહાંગીર અને શાહરૂખ દારૂ પીધેલી હાલતમાં આવેલા અને જહાંગીરના હાથમાં છરી હતી, તેઓ તેમની ડેલી ખોલી છોકરાઓ સુતા હતા તે દરવાજો ખખડાવેલો જેથી છોકરાઓએ રૂમનો દરવાજો ખોલેલો ત્યારે છોકરાઓને આ લોકોએ છરી બતાવી એક બાજુ બેસાડી દીધેલા. ત્યારબાદ આરોપીઓએ છોકરી સુતી હતી તે રૂમનો દરવાજો ખખડાવેલો જેથી છોકરીએ દરવાજો ખોલેલો. દરમિયાન તેમનો મોટો છોકરો હર્ષદ તેમણે ઉપર બોલાવવા આવેલ અને તેઓ નીચે આવેલા અને જોયું તો જહાંગીર છરી લઇને તેમની છોકરીને ધમકાવતા હતા અને શાહરૂખ દરવાજો રોકીને ઉભેલ હતો. જહાંગીર તેમની છોકરીને એવું કહેતો હતો કે, તું તારા કાકા જેન્તીભાઇના દિકરા વિજયની વહુ મમતાને અત્યારે ને અત્યારે અહીં બોલાવ. આ માથાકુટ ચાલતી હતી ત્યારે તેમનો છોકરો હર્ષદ આડો પડતા જહાંગીરે તેને થપ્પડ મારીને બેસાડી દીધેલ. ત્યારબાદ આરોપીઓ તેમના નાના દિકરા પ્રકાશને પોતાની સાથે તેઓના મકાનની પાછળના ભાગે આરોપીઓનો રૂમ આવેલ છે ત્યાં લઇ ગયેલા અને તેમની દિકરીને એવું કહેતા ગયેલા કે તું ત્યાં રૂમ ઉપર આવ અને તારા ભાઇને છોડાવી જા. આવું બનતા તેઓ ફોરવ્હીલ કે જે તેમનો દિકરો હર્ષદ ચલાવે છે તે ત્યાં લઇને આવેલો અને તેમાં પોલીસ સ્ટેશન ગયેલા અને ફરિયાદ લખાવેલી. ફરિયાદ લખાવી પરત ઘરે આવેલા ત્યારે આરોપીઓ પ્રકાશને ટુવ્હીલ ગાડીમાં પાછા ઘરે લાવેલા અને તેમના નાના ભાઇના ઘરમાં ઘુસી ગયેલા અને ત્યાં નાના ભાઇના છોકરી છોકરા ઘરે હતા તે દિકરીનું બાવળું પકડી ખેંચવા માંડેલ તે દરમિયાન આજુબાજુના બધા જાગી ગયેલા. જહાંગીરે તે વખતે તેમની છોકરીને એવું કહેલ કે, તું મોટર સાયકલમાં બેસી જા નહીંતર મારા દિકરાને કીધું કે તું બેસી જા. જેથી તેઓએ વળતો જવાબ આપેલો કે કોઇ આવશે

નહીં તારાથી થાય તે કરી લે જે, પછી આરોપીઓ ગાળ બોલેલા કે "તારી મા ચોદી ન નાખુ તો હું જહાંગીર નહીં" આવું બોલી આરોપીઓ ત્યાંથી મોટર સાયકલ સહિત જતા રહેલા. તેમના દિકરા પ્રકાશને આરોપીઓ તેમના મકાનની પાછળ આવેલ આરોપીઓના રૂમમાં લઇ ગયેલા ત્યાં પ્રકાશ સાથે તેઓએ શું કરેલું તેની તેઓને ખબર નથી. આ બનાવનું કારણ એવું છે કે, તેમના નાના ભાઇ જેન્તીના છોકરા વિજય અને કરણને જહાંગીર અને શાહરૂખ છરી બતાવીને જંગલમાં લઇ ગયેલાનો બનાવ બનેલો અને ત્યારબાદ તેમના ભાઇના દિકરા વિજયે ફોન કરેલો અને તેણે તેઓને કહેલું કે, આ લોકો લાખ રૂપિયા માંગે છે જેથી તેઓ મોહનમામાને ત્યાં ગયેલા અને વાત કરેલી, ત્યાંથી તેઓ કાળુભાઇ કડીવારને ત્યાં ગયેલા અને સમાધાનની વાતચીત કરેલી જેથી કાળુભાઇએ ફોન કરતા આરોપીઓએ છોકરાઓને છોડી દીધેલા અને સમાધાનની વાત કરવા માટે મસ્જીદ જેવી જગ્યાએ ગયેલા જયાં સમાધાનમાં હવે પછી આવું નહીં બને તેવું કીધેલું. બનાવ પહેલા આરોપીઓ જેન્તીભાઇના છોકરા વિજયનું મોટર સાયકલ લઇ ગયેલા, જે બનાવ તેઓના ઘરે બન્યો તે પહેલા મહિનો બે મહિના પહેલા બનેલો. આરોપીઓ તેમના ઘરે રાત્રે તેમની દિકરીના રૂમમાં આવેલા ત્યારે જહાંગીરે તેમની દિકરીની છેડતી કરેલી હતી અને તેણે તેમની દિકરીને છાતી ઉપર હાથ ફેરવેલો હતો. આ વખતે આરોપીઓ બીજું શું બોલતા હતા તે તેઓને યાદ આવતું નથી. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૧૧) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ પ્રકાશભાઇ મનસુખભાઇ પરમારને આંક-૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ તથા હર્ષદ તથા દક્ષાબેન તથા બાપુજી ઘરે હતા. તેમના બાપુજી ઉપરના રૂમમાં સુતા હતા અને નીચેના રૂમમાં તેઓ અને હર્ષદ સુતેલા હતા અને દક્ષાબેન અંદરના રૂમમાં સુતેલી હતી ત્યારે રાત્રે ત્રણ સાડા ત્રણ વાગ્યે ડેલી ઠેકીને જહાંગીર અને શાહરૂખ તેઓના ઘરમાં આવેલા અને તેઓ સુતા હતા તે દરવાજો ખખડાવેલો જેથી તેઓએ દરવાજો ખોલેલો અને જોયું તો બંને આરોપીઓ હતા અને

તેઓ મકાનમાં ઘુસી ગયેલા. જહાંગીરના હાથમાં છરો અને શાહરૂખના હાથમાં પાઇપ હતો. તેઓએ અંદર આવી તેમને તથા હર્ષદને મારકુટ કરવા માંડેલી જેથી અવાજ થતા તેમની બહેન અંદર રૂમમાં સુતી હતી ત્યાંથી દરવાજો ખોલી બહાર આવેલી અને અવાજ સાંભળી તેમના પપ્પા ઉપર સુતેલા હતા તેઓ પણ આવેલા. તેમના પપ્પાને છરો બતાવી ધમકી આપેલી અને તેમના બહેનને પણ ધમકી આપેલી કે, હાલ મારી ભેગી. પછી તેઓને લઇને આરોપીઓ એક મકાન કબજે કરીને રાખેલું છે તે મકાનની પાછળની શેરીમાં આવેલું છે ત્યાં લઇ ગયેલા અને ત્યાં શેરીમાં તેમને પાઇપ વડે મારેલ અને તેમના પપ્પાને ફોન કરી બોલાવવા વારેઘડીયે કહેતા હતા અને ફોન ન કરતો તો મારતા હતા, પછી થોડીવાર માથાકુટ કરી પાછા તેમને ઘરે મુકવા આવેલા અને તેમના બેનને લઇ જવા આવેલા જેથી તેઓ બધાએ તેમની બેનને ઘરમાં અંદર મોકલી દીધેલી. પછી તેઓ ઘરના બધા સભ્યો એક થઇ સામનો કરવાની તૈયારી કરેલી જેથી તેઓ જતા રહેલા. પછી તેઓ પોલીસ સ્ટેશન ફરિયાદ લખાવવા ગયેલા ત્યાં તેમની બેને ફરિયાદ લખાવેલી. આરોપીઓ તેમના વિસ્તારમાં આ પ્રમાણે વિસ્તારમાં રહેતા લોકોને હેરાન કરવાની પ્રવૃતિ કરે છે. બનાવ અંગે ફરિયાદ લખાવી તેઓ આરોપીના ભયથી બીજે જતા રહેલા કારણ કે આરોપીઓને પોલીસે પકડેલા ન હતા તે પકડાઇ ગયા પછી તેઓ પરત ઘરેલ આવેલા. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૧૨) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ હર્ષદભાઇ મનસુખભાઇ પરમારને આંક-૩૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. સાત-આઠ મહિના પહેલા દિવાળી પહેલા રાત્રીના અંદાજે ત્રણ થી ચાર વાગ્યાની વચ્ચે તેઓના ઘરે તેઓ તથા તેમના ભાઇ પ્રકાશ સુતા હતા અને તેમના બેન દક્ષા બાજુના રૂમમાં સુતી હતી અને બાપુજી અગાશી પર સુતા હતા. આરોપીઓએ તેઓના ઘરનો દરવાજો ખખડાવેલો જેથી તેમના ભાઇ પ્રકાશે દરવાજો ખોલતા તેઓ અંદર આવેલ અને ખુરશી ઉપર બેસેલ, તે વખતે તેઓ સુતા હતા અને જાગ્યા ત્યારે તેમનો ભાઇ પ્રકાશ અને આરોપીઓ વાતો કરતા હતા તે તેઓએ

સાંભળેલ નથી પરંતુ તેમના કાકાના છોકરા સાથે આરોપીઓને તકરાર હતી તે ઉડતી ઉડતી તેઓના ઘરે આવેલી અને તે બાબતે તેઓ તકરાર કરતા હતા. તકરારમાં જહાંગીર પાસે છરી હતી તે તેમને બતાવેલી અને કહેલ કે તું કોણ છો ? તો તેઓએ કહેલ કે આ ઘર મારૂં છે અને પ્રકાશ મારો ભાઇ છે. તેઓને વિશ્વાસ પડેલ નહીં અને તેઓ પછી તેમના ભાઇ સાથે બાધવા માંડેલ અને તેમના ભાઇને લઇને જતા હેલ. તેઓ તેમના કાકાના દિકરી માહિતી આપતા ન હતા એટલે તેમના ભાઇને તેઓ પોતાની સાથે લઇ ગયેલા. બનાવ વખતે તેઓનું આખુ ઘર જાગતું હતું. આરોપીઓએ તમેના બેન દક્ષા સાથે વાતચીત કરેલી તે વખતે તેઓ બહાર તેમના અગાશી ઉપર તેમના પિતાને બોલાવવા ગયેલા. આરોપીઓ તેમના બહેન સાથે વાતચીત કરતા હતા એટલી ખબર છે. શું વાતચીત કરતા હતા તે ખબર નથી. તેઓ તેમના પિતાજીને જગાડીને અગાશી ઉપરથી નીચે આવ્યા ત્યારે તેમના પિતાજી સાથે આવેલા તે વખતે આરોપીઓ ત્યાં હાજર હતા ત્યારે આરોપીઓએ તેમના પિતાજીને કહેલ કે આઘા હટી જાઓ નહીંતર છરી મારી દઇશું. જેથી તેમના પિતાજીએ કહેલું કે મારી દયો, આરોપીઓ તેમના ભાઇ પ્રકાશને લઇને જતા રહેલા એટલે તેઓ આખું ઘર સાબલપુર પોલીસ સ્ટેશન ગયેલા ત્યાં તેમના બહેને બનાવ અંગે ફરિયાદ લખાવેલી અને તેઓ ઘરે પરત આવેલા અને તે વખતે પોલીસ સાથે આવેલી નહીં તેથી અડઘી પોણી કલાક પછી પાછા પોલીસ સ્ટેશન ગયેલા ત્યારે તેઓ ગયેલા નહીં પરંતુ તેમના બહેન ગયેલા અને ત્યાં પોલીસ ઘરે આવેલ નથી તેવું કહેલું. દરમિયાન પોલીસ તેમના ઘરે પહોંચેલી. તેઓ પોલીસ સ્ટેશનથી સીધા ગોંડલ ભુપતભાઇ ડાભીને બનાવમાં મદદ કરવા માટે વાત કરવા જતા રહેલ. ભુપતભાઇ સાથે તેમના બનેવી પ્રતાપભાઇ મકવાણાએ વાતચીત કરેલી અને ત્યાંથી કામ હોય જૂનાગઢ પરત નીકળી ગયેલ. તેઓ ડ્રાઇવીંગ કરતા હોય તેમની પાસે જે ગાડી હતી તે પરત સોંપવાની હતી તે સોંપવા ગયેલ અને ગાડી સોંપી દીઘેલી પછી તેમના ફોઇ રેલ્વે કોલોનીમાં રહે છે તેઓની ઘરે જતા રહેલ. તેમના ભાઇને આરોપીઓએ તેઓ બીજી વખત પોલીસ સ્ટેશન ગયેલા તે વખતે છોટી કરી દીઘેલ, તે તેમને ફોનથી જાણવા

મળેલ. તેઓ અને તેમના ભાઇ બનાવના દશ પંદર દિવસ પછી રૂબરૂ ભેગા થયેલા. પોલીસે તેમને કોઇ પૂછપરછ કરેલ નથી.

(૧૩) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ ભાવનાબેન પ્રતાપભાઇ મકવાણાને આંક-૩૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. સાત-આઠ મહિના દિવાળી પહેલા રાત્રીના અંદાજે ત્રણ થી ચાર વાગ્યાની વચ્ચે તેમના પપ્પાના ઘરે આ લોકો આવેલા તે વખતે ઘરમાં પ્રકાશ અને દક્ષા તથા તેમના પપ્પા અને હર્ષદ હાજર હતા, તેઓએ પ્રકાશને ધમકી આપેલી કે મમતા અને વિજયને બોલાવી આપો નહીંતર હું તને ઉપાડી જાઇશ. જેથી તેમના ભાઇએ તેમના બહેન દક્ષા બીજા રૂમમાં સુતી હતી ત્યાંથી ઉઠાડેલ બાદ આ લોકોએ ઘરમાં તોડફોડ કરેલી અને પ્રકાશને પોતાની સાથે લઇ ગયેલ પછી તેમને દક્ષાએ ફોન કરી બનાવ બન્યાની વાત કરતા તેઓ, તેમના પતિ તથા બહેન વર્ષા તેમના પપ્પાના ઘરે ગયેલ બાદ તેઓ સાબલપુર ચોકડીએ આવેલ પોલીસ સ્ટેશને ગયેલા ત્યાં તેમના બહેન દક્ષાએ બનાવની ફરિયાદ લખાવેલી. બાદ પોલીસ આ લોકોને ગોતવા નીકળેલી અને ગોતીને લાવેલી.

(૧૪) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ વિજયભાઇ જેન્તીભાઇ પરમાર અને સાહેદ મમતાબેન વિજયભાઇ પરમારને અનુક્રમે આંક-૩૭ અને આંક-૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. સાત-આઠ મહિના દિવાળી પહેલા રાત્રીના અંદાજે ત્રણ થી ચાર વાગ્યાની વચ્ચે તેમના મોટા બાપુજી મનસુખભાઇના ઘરે આ લોકો આવેલા તે વખતે ઘરમાં પ્રકાશ અને દક્ષા તથા તેમના પ્પપા અને હર્ષદ હાજર હતા, તેઓએ પ્રકાશને ધમકી આપેલી કે મમતા અને વિજયને બોલાવી આપો નહીંતર હું તને ઉપાડી જઇશ. જેથી તેમના ભાઇએ તેમના બહેન દક્ષા બીજા રૂમમાં સુતી હતી ત્યાંથી ઉઠાડેલ.

બાદ આ લોકોએ ઘરમાં તોડફોડ કરેલી અને પ્રકાશને પોતાની સાથે લઇ ગયેલ પછી તેમને પ્રકાશે ફોન કરી આ બનાવ બન્યાની વાત કરેલી.

(૧૫) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ રમાબેન જેન્તીભાઇ પરમાર તથા સાહેદ કરણ જેન્તીભાઇ પરમારને અનુક્રમે આંક-૪૪ અને ૪૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. તેઓએ બે-અઢી વર્ષ પહેલા તેઓના ઘરે આવી દરવાજો ખખડાવેલ હોય તેવું બનેલ નથી તેમજ રાત્રીના દક્ષાબેનનો ફોન આવેલ હોય અને તેણે જહાંગીર તથા શાહરૂએ ઘરે આવી છરી બતાવી, તું મને બહુ ગમે છે અને મારે તારી સાથે લગ્ન કરવા છે તેવું કહી ઘરની ચીજવસ્તુઓ તોડ ભાંગ કરી પ્રકાશને ઘરની બહાર ઢસડી ગયેલ હોય તેવા બનાવ અંગે તેઓને કાંઇ ખબર નથી. આવા બનાવ અંગે પોલીસને કાંઇ લખાવેલ નથી.

(૧૬) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ કિરણબેન દિનેશભાઇ પરમારને આંક-૫૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી તેમના ભત્રીજી થાય છે. તેઓ આરોપીઓને ઓળખે છે. બે અઢી વર્ષ પહેલા તેમના ઘરે આવી દરવાજો ખખડાવેલ અને જહાંગીર તથા શાહરૂખે ઘરે આવી દક્ષાબેન સાથે મારકુટ કરેલી. તે વખતે તેઓ તેમના ઘરમાં હતા. તેઓ આજુબાજુના ઘરમાં રહે છે જેથી દક્ષાને મારતા તેઓએ જોયેલા. દક્ષાને હાથેથી મારતા હતા, તેઓ જતા રહેતા તેઓ દક્ષાબેન પાસે ગયેલા અને પછી પોલીસ સ્ટેશન ગયેલા.

(૧૭) વધુમાં ફરિયાદ પક્ષે તપાસનીશ અધિકારી રમેશભાઇ કનુભાઇ રાઠવાને આંક-૬૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૮/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ તાલુકા પોલીસ સ્ટેશન જૂનાગઢ ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ. તરફથી આ ગુનાની તપાસ મળેલ, જે ડેપ્યુટ હુકમ આંક-૬૧ થી રજુ રાખેલ છે. જે અન્વયે તેઓએ

ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલું તથા બનાવવાળી જગ્યાની મુલાકાત લઇ બે પંચોને સાથે રાખી બનાવવાળી જગ્યા ફરિયાદીના પતિએ બતાવેલ હોય તે જગ્યાનું વિગતવારનું પંચનામું કરવામાં આવેલ. જે પંચનામું આંક-૬૨ થી રજુ કરી તેમાં પોતાની અને પંચોની સહી ઓળખી બતાવેલ છે. તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તપાસના કામે તેઓએ આરોપીઓને મોટર સાયકલ તથા હથિયાર સાથે પકડેલ હોય તે બંને આરોપીઓની પંચો રૂબરૂ અંગઝડતી કરી બનાવમાં વાપરેલ છરી કબજે લઇ તથા મોટર સાયકલ તથા મોબાઇલ કબજે લઇ આરોપી નં.૨ પાસેથી લોખંડનો પાઇપ કબજે લઇ બંને ઇસમોને અટક કર્યા અંગેનું પંચનામું કરેલું, જે પંચનામું આંક-૬૩ થી રજુ કરી તેમાં પોતાની અને પંચોની સહી ઓળખી બતાવેલ છે. આરોપી જહાંગીરે મોટર સાયકલની લૂંટ કરેલ હોય તે મોટર સાયકલ તેણે જે જગ્યાએ રાખેલું તે મોટર સાયકલ કબજે કરવા અંગેનું ડીસ્કવરી પંચનામું બે પંચોની હાજરીમાં કરવામાં આવેલું. જે પંચનામું આંક-૬૪ થી રજુ કરી તેમાં પોતાની અને પંચોની સહી ઓળખી બતાવેલ છે. સદર ડીસ્કવરી પંચનામાની વિગતે કબજે લેવાયેલ મોટર સાયકલ આરોપી નં.૧ તેના ભાઇને આપી અને તેની પાસેથી રૂપિયા બે હજાર લીધેલા હોય તે રૂપિયાની રીકવરી અંગેનું પંચનામું બે પંચોને સાથે રાખી કરેલું, જે પંચનામું આંક-૬૫ થી રજુ કરી તેમાં પોતાની અને પંચોની સહી ઓળખી બતાવેલ છે. તેઓએ જે સાહેદોના નિવેદનો લીધેલા તે બનાવ સમયે હાજર હતા. તેઓની તપાસ દરમિયાન આરોપીઓ વિરૂધ્ધ અન્ય ગુનાઓ પણ નોંધાયેલ હોવાની હકીકત ખુલવા પામેલી, જે અંગેનો પ્રેસ કટીંગ અહેવાલ તપાસના કામે કબજે લીધેલો, જે આંક-૬૬ થી તથા અન્ય ગુનાનું લીસ્ટ આંક-૬૭ થી રજુ રાખેલ છે. જે અંગે તેઓએ સેશન્સ અદાલતમાં એફીડેવીટ સાથે રજુ કરેલ, જે આંક-૬૮ થી રજુ રાખેલ છે. તપાસ દરમિયાન સદર ગુનાની તપાસ પી.એસ.આઇ. બી. એમ. વાઘમશીને સોંપી આપેલી.

(૧૮) વધુમાં ફરિયાદ પક્ષે તપાસનીશ અધિકારી ભાનુ મથુરભાઇ વાઘમશીને આંક-૭૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં

જણાવેલ છે કે, તા.૦૮/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ઇન્ચાર્જ પી.એસ.આઇ. તરીકે પ્રોબેશનમાં ફરજ પર હાજર હતા ત્યારે પી.એસ.ઓ.એ આ ગુનાની તપાસ સોંપેલી. તેઓએ તપાસનીશ અધિકારી રાઠવાની તપાસ અંગેની હકીકત જણાવી વધુમાં જણાવેલ છે કે, ચાલતી તપાસ દરમિયાન રાઠવાની બદલી થતા તપાસ તેઓએ સંભાળેલી. સાહેદ પ્રકાશે કોઇ સારવાર લીધેલ ન હોય સારવાર સર્ટીફીકેટ તપાસના કામે મેળવેલ નહીં. પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલ.

(૧૯) આમ, ફરિયાદ પક્ષે રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા આરોપીઓ સામે આક્ષેપિત ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૬૫, ૩૮૭, ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૨) ના તત્વો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

કલમ-૩૯૪ - લૂંટ કરવામાં સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી :-

૧. આરોપીએ લૂંટનો ગુનો કર્યો અથવા લૂંટનો ગુનો કરવાની કોશિષ કરી.

૨. આરોપીએ લૂંટનો ગુનો કરવામાં અથવા તેની કોશિષ કરવામાં કોઇ વ્યકિતને ઇજા પહોંચાડી.

૩. આરોપીએ એવી ઇજા સ્વૈચ્છાપૂર્વક પહોંચાડી.

કલમ-૩૬૫ - કોઇ વ્યકિતને ગુપ્ત અને સદોષ અટકાયતમાં રાખવાના ઇરાદાથી અપહરણ કે અપનયન :-

૧. આરોપીએ કોઇ વ્યકિતનું અપહરણ અથવા અપનયન કર્યુ,

૨. આરોપીએ તે વ્યકિતનું અપહરણ અથવા અપનયન તેને સદોષ અટકાયતમાં ગુપ્ત રીતે રાખવાના ઇરાદાથી કર્યુ.

૩. અપહરણ અથવા અપનયન કરવામાં આવ્યું ત્યારે ઉપર જણાવ્યા મુજબનો ઇરાદો આરોપી ધરાવતા હતા.

કલમ-૩૮૭ - બળજબરીથી પડાવી લેવા માટે કોઇ વ્યકિતને મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકવી :-

૧. આરોપીએ કોઇ વ્યકિતને તેને પોતાને અથવા અન્ય કોઇના મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકી અથવા તેવા ભયમાં મુકવાની કોશિષ કરી,

૨. આરોપીએ આવું કૃત્ય બળજબરીપૂર્વક મિલકત પડાવી લેવા માટે કર્યું.

કલમ-૩૫૪(ક) - જાતીય સતામણી અને જાતીય સતામણી માટેની શિક્ષા બાબત :-

૧. અનિચ્છનીય અને સ્પષ્ટ જાતીય પ્રકારની માંગણીઓ કરવા સહિત શારીરિક સ્પર્શ કરવો અને તેવી બાબતોમાં આગળ વધવું.
૨. જાતીય બાબતોમાં સંમતિ આપવા માટેની માંગણી અથવા વિનંતી.
૩. સ્ત્રીની ઇચ્છા વિરૂધ્ધ પોનોગ્રાફી બતાવવી.
૪. જાતીય પ્રકારની અભદ્ર ટિપ્પણી કરવી.

કલમ-૩૨૩ - સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :-

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.
૨. આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઇરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપૂર્વક કર્યુ હતું.

કલમ-૫૦૬ - ગુનાહિત ધમકીની સજા :-

૧. આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત, અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઇરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઇરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઇ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી. આવો અપરાધ સ્વૈચ્છાપૂર્વકનો હતો.

(૨૦) ઉપરોકત કાયદાકીય જોગવાઇ સાથે આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીએ પોતાની આંક-૩૨ ની ફરિયાદમાં એવી હકીકત જાહેર કરેલ હતી કે, તા.૦૮/૧૨/૨૦૧૮ ના રાત્રીના તેઓ ઘરે હાજર હતા દરમિયાન સાડા ત્રણ વાગ્યાના અરસામાં ઘરનો દરવાજો કોઇએ આવી ખખડાવતા ઘરના સભ્યો જાગી ગયેલ અને પ્રકાશે ઉઠીને જોતા બહાર જોતા આ કામના આરોપીઓ

જહાંગીર તથા શાહરૂખ બંને ડેલીમાં ઘુસી ગયેલા હતા. જહાંગીરના હાથમાં છરી હતી તે બતાવીને ફરિયાદીને બળજબરીથી પકડી લીધેલ અને કહેવા લાગેલ કે, તું મને બહુ ગમે છે અને મારે તારી સાથે લગ્ન કરવા છે. તેમજ પૂછેલ કે વિજય કયા છે ? ફરિયાદીએ તેના કાકાના દિકરા વિજયની ખબર નથી તેમ કહેતા આરોપીઓ ફરિયાદીના ઘરની ચીજવસ્તુઓ તોડફોડ કરવા લાગેલ. આરોપીઓ ફરિયાદીના નાના ભાઇ પ્રકાશને છરી બતાવીને ઘરની બહાર ઢસડી ગયેલ અને તેના મોટર સાયકલમાં બેસાડીને બળજબરીપૂર્વક સાથે લઇ ગયેલ. સાડા પાંચેક વાગ્યે આરોપીઓ પાછા ફરિયાદીના ભાઇ પ્રકાશને લઇને ઘરે આવેલા અને આરોપી જહાંગીરના હાથમાં છરી હતી તે બતાવીને કહેતો હતો કે જો તમારે આ મકાનમાં રહેવું હોય તો મને પૈસા આપવા પડશે નહીંતર આજે આ તારા ભાઇને ઉપાડીને લઇ ગયો હતો તેમ તને પણ લઇ જઇશ અને તારા ભાઇને તેમજ તારા બીજા ઘરના સભ્યોને પતાવી દઇશ, આમ ધમકી આપીને ફરિયાદીના ભાઇ પ્રકાશને મુકીને જતો રહેલ. બાદ ફરિયાદીના ભાઇ પ્રકાશે વાત કરેલ કે, આ જહાંગીર તથા શાહરૂખ તેન ઉપાડીને બાજુની શેરીમાં કોઇ ભયાનું મકાન કબજો કરેલ છે ત્યાં લઇ જઇ છરી બતાવી પાઇપ વડે પોતાને માર મારેલ છે અને તેના ખીસ્સામાં રહેલ બે હજાર રૂપિયા પણ લૂંટી ગયેલ છે અને પોતાને છરી બતાવી શરીરે પાઇપ વડે માર મારેલ છે. અગાઉ પણ ફરિયાદીના દિકરા કરણભાઇ પાસેથી ત્રણ હજાર રૂપિયાની લૂંટ કરી તથા બજાજ કંપનીની વિક્રાંત બાઇક લઇ ગયેલ. જયારે ફરિયાદીનો આંક-૩૧ નો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતા અમુકઅંશે ફરિયાદને સમર્થનકારી હકીકતો જણાવેલ છે તે સિવાય ફરિયાદની હકીકતો જણાવતા નથી તેમજ ફરિયાદમાં જણાવેલ ન હોય તેવી વધારાની હકીકતો પણ જણાવતા હોવાનું જણાય આવે છે. વધુમાં ફરિયાદીને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં ફરિયાદમાં હકીકત લખાવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. વધુમાં ફરિયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જેન્તીભાઇનું મકાન તેઓની પાછળની શેરીમાં આવેલું છે અને બનાવના અરસામાં જેન્તીભાઇ તેમના

કુટુંબ સાથે રહેતા હતા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જેન્તીભાઇના ઘરે કે જહાંગીરના ઘરે જવું હોય તો તેમના ઘર આગળથી રસ્તો નીકળે છે અને જહાંગીર ઘણી વખત તેમના ઘર આગળથી નીકળતો હતો. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુળ જે વાંધો હતો તે જેન્તીભાઇના મકાન બાબતે જહાંગીર સાથે વાંધો હતો. ફરિયાદ અગાઉ જહાંગીર સાથે બાઇક ટકરાવવા બાબતે તકરાર થયેલી, તે તકરાર અંગે કોઇ ફરિયાદ થયેલી નહીં અને સમાધાન થઇ ગયેલ. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કલાક ૩:૨૦ વાગ્યે તેણીને ઉઠાડવામાં આવી ત્યારે જાહાંગીર અને શાહરૂખ તેઓના ઘરમાં સોફા ઉપર બેઠેલ હતા અને તે વાત તેઓએ પોલીસને કરેલી અને તે વખતે હર્ષદભાઇ શેટ્ટી ઉપર બેઠેલા હતા અને તેણી ઉઠી તે પહેલા તેમના ઘરમાં કોઇ બોલાચાલી કે તોડફોડનો અવાજ સાંભળેલો નહીં અને તેણી ઉઠી ત્યારે આવેલા બંને વ્યકિતઓ માત્ર જેન્તીભાઇ વિશે પૂછતા હતા. જયારે ફરિયાદીના પિતા સાહેદ મનસુખભાઇનો આંક-૧૯ નો પુરાવો ધ્યાને લેતા ફરિયાદ પક્ષને સમર્થનકારી હકીકતો જણાવે છે, પરંતુ ઉલટતપાસની હકીકત ધ્યાને લઇએ તો એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વિજયને આરોપી જહાંગીર સાથે શું વાંધો હતો તેની તેઓને ખબર નથી અને વિજયે તેમને વાંધા બાબતે કોઇ વાત કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી જહાંગીર તેમની દિકરીને અગાઉથી ઓળખતો હોય તેવું નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, ''આરોપીઓ ગાળ બોલેલા કે તારી મા ચોદી ન નાખું તો હું જહાંગીર નહીં'' આવું બોલી આરોપીઓ ત્યાંથી મોટર સાયકલ સહિત જતા રહેલા. ફરિયાદી અને તેમના પિતાના પુરાવાથી વિરોધાભાસી હકીકતો ફલિત થાય છે. વધુમાં સાહેદ પ્રકાશભાઇના પુરાવાથી ફરિયાદ પક્ષને સમર્થનકારી હકીકતો ફલિત થાય છે, પરંતુ બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસની હકીકત ધ્યાને લઇએ તો એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વિજય અને જહાંગીરને શું વાંધો હતો તેની તેઓને ખબર નથી અને જહાંગીર તેમના કાકાના મકાનની શેરીમાં છેલ્લે રહેતો હતો અને તે તેઓના ઘરે આવેલ હોય અને કોઇ

બનાવ બનેલો હોય તે અંગે કોઇ પોલીસ ફરિયાદ કરેલ નથી તેમજ બનાવ પહેલા જહાંગીર કે તેના માણસો તેઓના કુટુંબના કોઇ બૈરાઓને હેરાન કરતા હોય તેવું બનેલ નથી તેમજ જહાંગીર કોઇ ચીજવસ્તુ તેઓના ઘરમાંથી લઇ ગયેલ નહીં અને મકાનની લેતી દેતીની જે તકરાર હતી તે વિજય અને જહાંગીર વચ્ચે હતી તેઓને કોઇ લેવા દેવા ન હતા. જયારે બનાવ સ્થળે હાજર એવા ફરિયાદીના ભાઇ સાહેદ હર્ષદભાઇ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદી, તેમના પિતા અને ભાઇના પુરાવાને લેશમાત્ર સમર્થન આપતા નથી અને વિરોધાભાસી હકીકતો જણાવે છે. સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતનો ઇન્કાર કરેલ છે. તે સિવાય ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ ભાવનાબેન પ્રતાપભાઇ મકવાણાના પુરાવાથી આ લોકોએ પ્રકાશને ધમકી આપેલ હોવાનું અને ઘરમાં તોફડોડ કરેલ હોવાનું અને પ્રકાશને લઇ ગયેલ હોવાનું જણાવે છે, પરંતુ આ વાત તેઓને દક્ષાબેને ફોન કરી જણાવેલ હતી. સદર સાહેદ સાંભળેલ હકીકતના આધારે પુરાવો આપતા હોય તેઓના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ વિજયભાઇ જેન્તીભાઇ પરમાર તથા સાહેદ મમતાબેન વિજયભાઇ પરમારને તપાસવામાં આવેલ છે તેઓએ પ્રકાશને ધમકી આપેલી અને ઘરમાં તોડફોડ કરેલ અને પ્રકાશને લઇ ગયેલ હોવાનું જણાવે છે, પરંતુ તેઓને ફોન ઉપર વાત કરતા ખબર પડેલી છે. સદરહુ સાહેદોએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શું બનાવ હતો તે બાબતની તેઓને ખબર નથી. જેથી સદરહુ સાહેદો પણ સાંભળેલ હકીકતના આધારે પુરાવો આપતા હોય તેઓના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ રમાબેન જેન્તીભાઇ પરમાર અને સાહેદ કરણ જેન્તીભાઇને પરમારને તપાસેલા છે, પરંતુ સદર સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતનો ઇન્કાર કરેલ છે. વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ કિરણબેન

દિનેશભાઇ પરમારને તપાસેલા છે તેઓએ પોતાના પુરાવામાં આરોપીઓએ દક્ષાબેન સાથે મારકુટ કરેલ હોવાનું જણાવે છે, પરંતુ બચાવ પક્ષ તરફે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વખતે તેઓ ઘરની અંદર હતા અને દક્ષાબેન ઘરે બોલાવવા આવેલા ત્યારે બનાવની ખબર પડેલી. જેથી સદરહુ સાહેદના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતું નથી. વધુમાં તપાસનીશ અધિકારીએ પોતાની તપાસને અનુરૂપ ફરિયાદ પક્ષને સમર્થનકારી હકીકતો જણાવેલ છે. સદરહુ પુરાવાને સમર્થનકારી પુરાવા તરીકે ચોકકસ મુલવણી કરી શકાય પરંતુ જયારે ફરિયાદી અને બનાવના નજરે જોનાર એવા મહત્વના સાહેદોના પુરાવાથી વિરોધાભાસી હકીકતો ફલિત થતી હોય અને ફરિયાદમાં જણાવેલ ન હોય તેવી વધારાની હકીકતો જણાવતા હોય સદરહુ પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં તપાસનીશ અધિકારીએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં એવું લખાવેલ નથી કે, મારો નાનો ભાઇ જેન્તીના દિકરા વિજય અને કરણને જહાંગીર અને શાહરૂખ છરી બતાવીને જંગલમાં લઇ ગયેલા અને બળજબરીથી કોઇ મકાનનો દસ્તાવેજ કરાવેલ અને મકાનનો કબજો લઇ લીધેલ હોય તેવું તપાસમાં ખૂલેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી પાસેથી કબજે લીધેલ હથિયાર ઉપર લોહી મળી આવેલ હોય તેવું બનેલ નથી.

(૨૧) વધુમાં ફરિયાદીના ભાઇ પ્રકાશને લઇ જઇ માર મારી તેના ખીસ્સામાં રહેલ બે હજાર રૂપિયાની લૂંટ કરેલ હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવેલ છે, પરંતુ ફરિયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આવી કોઇ હકીકત જણાવતા નથી. તેમજ જેના ખીસ્સામાંથી રૂપિયા બે હજારની લૂંટ કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે તેવા મહત્વના સાહેદ પ્રકાશભાઇ મનસુખભાઇ પરમાર પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આવી કોઇ હકીકત જણાવતા નથી. તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪ ના ગુનામાં અરોપીએ લૂંટનો ગુનો કર્યો અથવા કોશિષ કરી અથવા લૂંટનો ગુનો કરવામાં અથવા તેવી કોશિષ કરવામાં કોઇ વ્યકિતને ઇજા પહોંચાડી અને એવી ઇજા

સ્વૈચ્છાપૂર્વક પહોંચાડી તે મહત્વના તત્વો છે, જે ધ્યાને રાખી હાલના કેસમાં પુરાવો જોવામાં ઓ તો ફરિયાદીએ પોતાને થયેલ ઇજા બાબતે કોઇ સારવાર લીધેલ હોવાનું જણાતું નથી કે રૂપિયા બે હજારની લૂંટ કરેલ હોય તે સંબંધિત કોઇ સમર્થનકારી હકીકત ફલિત થતી નથી ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૨૩ ના આવશ્યક તત્વો ફલિત થતા ન હોય સદરહુ ગુના અન્વયે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૨) વધુમાં આરોપીઓએ સાહેદનું અપહરણ કરી લઇ ગયાનો આક્ષેપ મુકેલ છે. સદરહુ ગુના અંગે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીએ તેની ફરિયાદમાં આરોપીઓ પ્રકાશને છરી બતાવી ઘરની બહાર ઢસડી ગયેલ અને મોટર સાયકલમાં બેસાડી બળજબરીપૂર્વક સાથે લઇ ગયેલા અને સાડા પાંચેક વાગ્યે પાછા ઘરે લઇને આવેલા. ફરિયાદીએ સોગંદ ઉપરના પુરાવામાં આરોપીઓ તેના ભાઇ પ્રકાશને ઘરાર તેની બાઇક ઉપર બેસાડીને પોતાની સાથે પોતના ઘરની પાછળની બાજુએ રહે છે ત્યાં લઇ ગયેલ તેવું જણાવે છે. જયારે ફરિયાદીના પિતા સાહેદ મનસુખભાઇ પોતાની જુબાનીમાં આરોપીઓ તેમના નાના દિકરા પ્રકાશને પોતાની સાથે તેઓના મકાનની પાછળના ભાગે આરોપીઓનો રૂમ આવેલ છે ત્યાં લઇ ગયેલા. જયારે ભોગ બનનાર સાહેદ પ્રકાશભાઇ તેની જુબાનીમાં તેઓને લઇને આરોપીઓ એક મકાન કબજે કરીને રાખેલું છે ત્યાં લઇ ગયેલ તેવું જણાવે છે, પરંતુ આરોપીઓએ સાહેદનું અપહરણ અથવા અપનયન કરેલ હોય અને તેને સદોષ અટકાયતમાં ગુપ્ત રીતે રાખવાના ઇરાદાથી કરેલ હોય અને તે મુજબનો આરોપીનો ઇરાદો આરોપી ધરાવતા હતા તેવી કોઇ હકીકત સ્પષ્ટ રીતે પુરવાર થતી નથી. વધુમાં ફરિયાદી અને સાહેદોના પુરાવાને ધ્યાને લેતા વિરોધાભાસી હકીકતો ફલિત થતી હોય અને આરોપીઓએ ફરિયાદી કે સાહેદને પોતાને અથવા કોઇના મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકી અથવા તેવા ભયમાં મુકવાની કોશિષ કરેલ હોય કે આરોપીઓએ આવું કૃત્ય બળજબરીપૂર્વક મિલકત પડાવી લેવા માટે કર્યુ હોય તેવી પણ કોઇ હકીકત પણ પુરવાર થતી નથી. વધુમાં ફરિયાદીએ તેની ફરિયાદમાં આરોપી જહાંગીરે તેમને છરી બતાવીને બળજબરીથી પકડી લીધેલ અને

કહેવા લાગેલ કે, તું મને બહુ ગમે છે અને મારે તારી સાથે લગ્ન કરવા છે તેવું લખાવેલ છે. જયારે ફરિયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આવી કોઇ હકીકત જણાવતા નથી. જયારે ફરિયાદીના પિતા પોતાની જુબાનીમાં તેમની છોકરીને ધમકાવતા હતા અને તારા કાકા જેન્તીભાઇના દિકરા વિજયની વહુ મમતાને અત્યારેને અત્યારે અહીં બોલાવ તેવું જણાવે છે. જયારે બનાવ સ્થળે હાજર એવા સાહેદ પ્રકાશભાઇ આવી કોઇ હકીકત જણાવતા નથી. જયારે સાહેદ હર્ષદભાઇ પોતાની જુબાનીમાં આરોપીઓ તેમના બેન સાથે વાતચીત કરતા હતા એટલી ખબર છે, શું વાતચીત કરતા હતા તે ખબર નથી. જેથી ફરિયાદી અને સાહેદોના પુરાવામાં સાતત્યતા જણાય આવતી નથી અને વિરોધાભાસી હકીકતો ફલિત થતી હોય મહત્વની એવી કોઇ હકીકત પુરવાર થતી નથી. તેમજ આરોપી જહાંગીર ધ્વારા અનિચ્છનીય અને સ્પષ્ટ જાતીય પ્રકારની માંગણીઓ કરવા સહિત શારીરિક સ્પર્શ કરેલ હોય અને તેવી બાબતમાં આગળ વધેલ હોય તેવી પણ કોઇ હકીકત ફલિત થતી નથી ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૫, ૩૯૮, ૩૫૪(ક) ના આવશ્યક તત્વો ફલિત થતા ન હોય સદરહુ ગુના અન્વયે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૩) વધુમાં ફરિયાદમાં આરોપીઓએ ફરિયાદી અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો પણ આક્ષેપ કરેલ છે. ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ઓોપીઓ પૂછતા હતા કે તમારા કાકા કયાં રહેવા જતા રહેલા છે અને સાથે આવી તેનું ઘર બતાવો અને ફોન ઉપર તમે મારા ઘર બાજુ આવો અને પ્રકાશને છોડાવી જાઓ તેવું જણાવે છે. જયારે સાહેદ પ્રકાશભાઇ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેમના પપ્પાને છરો બતાવી ધમકી આપેલી અને તેમના બેનને પણ ધમકી આપેલી કે હાલ મારી ભેગી. જયારે સાહેદ હર્ષદભાઇ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીઓએ તેમના પિતાજીને કહેલ કે આધા હટી જાઓ નહીંતર છરી મારી દઇશું. ફરિયાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત લખાવેલ હોય કે સોગંદ ઉપર જાહેર કરાયેલ હોવા માત્રથી ભારતીય

દંડ સંહિતાની કલમ-૫૦૬ નો ગુનો સાબિત થતો નથી, તે માટે જાનથી મારી નાખવાની ધમકી આપવાના કારણે ફરિયાદી અને સાહેદ સતત ભયની ઘંટી બજતી હોવી જોઇએ અને રોજબરોજનું કૃત્ય કરવા અશકિતમાન થયેલ હોવાનું પણ સાબિત કરવું આવશ્યક અને જરૂરી છે. આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૧૭(૧) જી.એલ.એચ. ૩૩૭ પ્રવિણ બેચરભાઇ વણકર અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇએ તો સદરહુ ચૂકાદામાં સ્પષ્ટ રીતે એવું ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪, ૫૦૬(૨) નો ગુનો સાબિત કરવા આરોપીઓ ધ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઇરાદાપૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઇએ. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના મુન્સાફખાન યાસીનખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૧) જી.એલ.એચ. (યુજે) ૪ ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ગુનાહિત ધાક ધમકી - મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ધમકીના કારણે ફરિયાદી અને સાહેદને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઇએ અને તેના મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોસએ. વધુમાં આવી ધમકીના કરણે ફરિયાદી અને સાહેદ ફરિયાદ નોંધાવ્યા પછી કોઇપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે અશકિતમાન થયેલા હોવા જોઇએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબિત થતો નથી.

(૨૪) હાલના કેસમાં ઉપરોકત ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લઇ ચર્ચા કરીને તો આ કામે ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતા ધમકી આપેલ તેવું જણાવેલ છે, તે સિવાય અન્ય કોઇ હકીકત જણાવેલ નથી, તેમ છતાં પણ દલીલ ખાતર કહેવાતો આક્ષેપ માની લેવામાં આવે તો પણ તેટલા માત્રથી ભારતીય દંડ સંહિતાની કલમ-

૫૦૬(૨) નો ગુનો પુરવાર થતો નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રવિણ બેચર (સુપ્રા) તથા મુન્સાફખાન યાસીનખાન પઠાણ (સુપ્રા) ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) ના ગુનામાં દર્શાવ્યા મુજબ ધમકી એવી હોવી જોઇએ કે અપાયેલ ધમકીના કારણોસર વ્યકિતના મનમાં સતત ભયની ઘંટી બજતી હોવી જોઇએ અને ધમકી અપાયેલ વ્યકિતના મનમાં ગભરાટ ઉભી કરતી હોવી જોઇએ. વધુમાં સદર ધમકીના કારણે ફરિયાદી અને સાહેદ ફરિયાદ નોંધાવ્યા પછી કોઇપણ સમયે પોતાની ફરજ અદા કરવા શકિતમાન ન હોવા જોઇએ. ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં લઇ હાલના કેસમાં જોઇએ તો ફરિયાદીને અપાયેલ ધમકીના કારણસર ભયની ઘંટી સતત બજતી હોય તેવો લેશમાત્ર પુરાવો હાલના કેસમાં ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષ તરફે સદર ધમકીના કારણે ફરિયાદીએ ફરિયાદ નોંધાવ્યા બાદ કોઇપણ સમયે તેમની રોજબરોજની ફરજ અદા કરવા માટે તથા બહાર આવન જાવક કરી શકતા ન હોય કે રાબેતા મુજબની કામગીરી કરવા અશકિતમાન થયેલા હોય તેવો કોઇ લેશમાત્ર પણ પુરાવો હાલના કેસમાં ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી. ઉલ્ટાનું પુરાવો જોતા ફરિયાદી અને સાહેદ ફરિયાદ નોંધાવ્યા બાદ આવી કોઇ હકીકત તેઓના મનમાં સતત ભયની ઘંટી બજતી હોય કે તેઓ રોજબરોજની કાર્યવાહી કરવા અશકિતમાન થયેલ હોય તેવું જણાય આવતું નથી. જેથી આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત કરવા માટેના આવશ્યક તતવો હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી.

(૨૫) આ કામે આરોપી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) નો ગુનો કર્યાનો આક્ષેપ છે, જે અન્વયેનો આક્ષેપ ફરિયાદ પક્ષ તરફે પુરવાર કરેલ છે કે કેમ ? તેની ચર્ચામાં ઉતરતા પહેલા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની જોગવાઇથી અત્રેની અદાલત સંપૂર્ણ સભાન છે. તેમજ બોમ્બે હાઇકોર્ટના સ્ટેટ ઓફ બોમ્બે વિરૂધ્ધ અજીજખાન, એ.આઇ.આર. ૧૯૫૬ બોમ્બે ૬૮૦ ના ચૂકાદાને

અત્રેની અદાલતે માનપૂર્વક ધ્યાને લીધેલ છે. જેમાં નામદાર બોમ્બે હાઇકોર્ટે સ્પષ્ટ રીતે ઠરાવેલ છે કે, ''કાયદા ઘડનારે જાહેરનામું માત્ર કલેકટર કચેરીમાંથી પ્રસિધ્ધ થવું એટલું જ જરૂરી નથી પરંતુ સાથોસાથ તે જાહેરનામાની જાહેર પ્રસિધ્ધિ થવી પણ એટલી જ જરૂરી છે. માત્ર ગેઝેટમાં તે જાહેરનામાની પ્રસિધ્ધિ થવાથી તેની જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવેલ હોવાનું કહી શકાય નહીં.''

(૨૬) આમ, ઉપરોકત સિધ્ધાંતને ધ્યાને રાખી ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદી અને સાહેદોના પુરાવાથી બનાવના દિવસે આરોપી નં.૧ છરી અને આરોપી નં.૨ લોખંડના પાઇપ સાથે આવેલ હોવાનું જણાવેલ છે તેમજ તપાસનીશ અધિકારીના પુરાવાથી તપાસને અનુરૂપ સમર્થનકારી હકીકતો ફલિત થાય છે, પરંતુ કહેવાતા બનાવ મુજબ આરોપીઓ પાસેથી મુદામાલ છરી અને લોખંડનો પાઇપ કબજે કર્યાના રીકવરી પંચને ફરિયાદ પક્ષે તપાસેલા નથી અને પંચોના પુરાવાથી પંચનામાની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે આ કામે રીકવરી મહત્વની હોય તેના પંચના પુરાવાથી રીકવરી પુરવાર થતી નથી. વધુમાં બનાવ તારીખે, સમયે અને સ્થળે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા અંગે કોઇ પુરાવો રજુ થયેલ નથી તેમજ સદરહુ જાહેરનામાની જાહેર પ્રસિધ્ધિ થયાનું પણ રેકર્ડ પર જણાતું નથી તેમજ આરોપીઓએ છરી અને લોખંડનો પાઇપ કરી સદર જાહેરનામાનો ભંગ કરેલાનું શંકારહિત ફલિત થતું નથી. આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૬૫, ૩૮૭, ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબના આવશ્યક તત્વો પુરવાર થતા નથી અને આરોપીઓની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થાય છે. ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇ મુજબ આરોપી વિરૂધ્ધ શંકારહિત કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે, પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ

નિષ્ફળ ગયેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવાથી આરોપીઓની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થાય છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. જેથી આ કામે ફરિયાદ પક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના કૈલાશગૌર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ, એ.આઇ.આર. ૨૦૧૨ એસ.સી. ૭૮૬ તથા સૂચિત વિશ્વાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇએ તો,

It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. Narendra Singh ans Anr vs State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Bhramajeetsingh Sharma Vs State of Mahasrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan vs. Rama S Raghuraman. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." In the case of Sujit Biswas Vs State of Assam ABC 2013(11) 13 SC Hon'ble Supreme Court held that Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be' proved, and something that `will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be' and `must be' is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not(60) take the place of legal proof. The large distance between `may be' true and `must be' true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the

prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be' true and `must be' true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense. (Vide: Hanumant Govind Nargundkar & Anr. v. State of M.P., AIR 1952 SC 343; State through CBI v. Mahender Singh Dahiya, AIR 2011 SC 1017; and Ramesh Harijan v. State of U.P., AIR 2012 SC 1979).

(૨૭) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપીઓ નં.(૧) જહાંગીર અમીનભાઇ શેખ અને (૨) શાહરૂખખાન હુશૈનખાન તુર્ક, બંને રહેવાસી : જૂનાગઢ વાળાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૬૫, ૩૮૭, ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૩૭(એ) અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

(૩) સદર કામે આંક-૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદામાલ આર્ટીકલ છરી અને લોખંડના પાઇપનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો જયારે મુદામાલ આર્ટીકલ હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં.જી.જે.-૧૧-બી.એસ.-૩૮૭૦ તથા મોબાઇલ ફોન નંગ-૩ અંગે તા.૦૨/૦૪/૨૦૨૯ ના રોજ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને તેમાંની શરતો આથી રદ કરવામાં આવે છે. જયારે આંક-૩ ની મુદામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદામાલ આર્ટીકલ બજાજ મોટર સાયકલ નં.જી.જે.-૧૧-બી.એલ.-૧૦૨૮ અને રોકડ રકમ રૂા.૨,૦૦૦/- અંગે માલીકીપણાની ખરાઇ કરી અપીલ સમય વિત્યા બાદ તેના ખરા માલીક કબજેદારને પરત સોંપી આપવો.

આ હુકમ આજ તારીખ ૦૬ઠ્ઠી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)